ગૃહમાં રજૂ કર્યા તારીખ:– ૨૨મી ઓગષ્ટ, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ
# ચોથો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પંદરમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૪

ગૃહમાં રજૂ કર્યા તારીખ:– ૨૨મી ઓગષ્ટ, ૨૦૨૪

सत्यमेव जयते

# જાહેર સાહસો માટેની સમિતિ
# ચોથો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા

**(ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પંદરમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો પર સરકારે / નિગમે લીધેલાં પગલાં પરનો અહેવાલ)**

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર
૨૦૨૪

HB-281-08-24-DTP-2

©

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

## જાહેર સાહસો માટેની સમિતિ
## (૨૦૨૪–૨૫)

### પ્રમુખશ્રી

શ્રી ગણપતસિંહ વસાવા

### સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઈમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઈ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઈ સોલંકી
શ્રી રમેશભાઈ કટારા
શ્રી કેતનભાઈ ઈનામદાર
શ્રી યોગેશભાઈ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઈ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઈ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઈ ચૌધરી

### ગુજરાત વિધાનસભા સચિવાલય

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રી ચેતન પંડ્યા, | ઈન્ચાર્જ સચિવ |
| શ્રીમતી કે. એસ. પંચોલી, | નાયબ સચિવ |
| શ્રી મૃગેશ એસ. દવે, | ઉપસચિવ |
| શ્રીમતી પલક જે. ભાલોડિયા, | સેકશન અધિકારી |

# જાહેર સાહસો માટેની સમિતિ
# (૨૦૨૩–૨૪)

## પ્રમુખશ્રી

શ્રી ગણપતસિંહ વસાવા

## સભ્યો

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી ઇમરાન ખેડાવાલા
શ્રી બાબુભાઇ પટેલ
શ્રી જે. વી. કાકડીયા
શ્રી મહેશ કસવાલા
શ્રી હીરાભાઇ સોલંકી
શ્રી રમેશભાઇ કટારા
શ્રી કેતનભાઇ ઇનામદાર
શ્રી યોગેશભાઇ પટેલ
શ્રી અરૂણસિંહ રણા
શ્રી રમેશભાઇ મિસ્ત્રી
શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
શ્રી પૂર્ણેશ મોદી
શ્રી જીતુભાઇ ચૌધરી

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી કે. એસ. પંચોલી, | નાયબ સચિવ |
| શ્રી ચિરાગ એન. પટેલ, | ઉપસચિવ |
| શ્રી મૃગેશ એસ. દવે, | ઉપસચિવ |
| શ્રીમતી પલક જે. ભાલોડિયા, | સેકશન અધિકારી |

# અહેવાલ

૧. હું જાહેર સાહસો માટેની સમિતિનો પ્રમુખ સમિતિ વતી પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરુ છું.

૨. ચૌદમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના ત્રીજા અહેવાલ (ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૧૩-૧૪ના ઓડિટ અહેવાલ(વાણિજ્યિક) ઉપરનો અહેવાલ) માં ગુજરાત પ્રવાસન નિગમ લિ., ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. સંબંધમાં કરવામાં આવેલ ભલામણ પરનો ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પંદરમો અહેવાલ તા.૦૮/૦૩/૨૦૨૨ ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો.

૩. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના ઉક્ત પંદરમા અહેવાલમાં સમિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિ. તથા ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સંબંધમાં ભલામણ કરી હતી જે પૈકી ભલામણ ફકરા ક્રમાંક: ૩ થી ગુજરાત પ્રવાસન નિગમ લિ. સંબંધમાં મહાત્મા ગાંધીના જીવન/કાર્યોને ઉજાગર કરતા દાંડી હેરિટેજ પ્રોજેક્ટ ૨૦૨૧ના વર્ષમાં પૂર્ણ કર્યા બાદ સમિતિને જાણ કરવા તત્સમયે સમિતિએ ફરી પુન: ભલામણ કરી હતી.

૪. સમિતિએ કરેલ ઉકત ભલામણ સંબંધમાં વિભાગે/નિગમે તેના તા.૦૩/૦૬/૨૦૨૩ના રોજના પત્રથી મોકલેલા પગલાના પત્રકોમાં લેખિતમાં જણાવ્યા મુજબ દાંડી હેરીટેજ કોરીડોર – DHC હેઠળના કુલ ૧૪ પૈકીના ૧૨ સ્થળો પર બાંધકામથી લઈને રંગ રોગાન અને ફર્નિચરની કામગીરી કર્યા બાદ આ તમામ સ્થળોને ચલાવવા અને નિભાવવાનો ઓર્ડર તા.૨/૫/૨૦૧૮ના રોજ અને નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલના સંચાલન અને જાળવણી માટેનો ઓર્ડર તા.૧૫/૧૦/૨૦૧૯ના રોજ

આપવામાં આવેલ. દાંડી મેમોરિયલ ખાતે સપ્ટેમ્બર ૨૦૧૯ થી એપ્રિલ ૨૦૨૨ સુધીમાં કુલ ૬,૬૨,૮૫૧ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. સ્વદેશ દર્શન પ્રોજેક્ટ અન્વયે દાંડી મેમોરિયલની તમામ કામગીરી ડિસેમ્બર–૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવેલ છે. જેનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રી દ્વારા તા.૨૬/૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ. ગાંધીજીના જીવનકાર્યોને ઉજાગર કરવા માટે તૈયાર કરવામાં આવેલ આ તમામ પ્રોપર્ટીની/પ્રોજેક્ટની યોગ્ય રીતે સારસંભાળ કરવામાં આવે છે તેમજ તે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વધુમા વધુ પ્રવાસીઓ તેની મુલાકાત લે તે રીતની કામગીરી કરવામાં આવી રહેલ છે.

૫. આ ઉપરાંત તા.૦૫/૦૭/૨૦૨૩ના રોજની સમિતિની બેઠકમાં ઉક્ત ભલામણ સંબંધમાં હાથ ધરવામાં આવેલ તપાસ દરમ્યાન વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતુ કે, DHC (દાંડી હેરીટેજ કોરીડોર)ને ડેવલપ કરવાના ૧૪ સ્થળોમાંથી ૧૨ જગ્યાઓ પર ટુરિઝમ કોર્પોરેશન દ્વારા બિલ્ડિંગ બાંધવામાં આવેલ છે. જે હાલ સંચાલન અને જાળવણીના ફેઝમાં છે. આ સંબંધમાં  આ કુલ ૧૪ સ્થળોમાંથી બાકી રહેતા બે સ્થળ પર બિલ્ડિંગના બદલે ક્યા પ્રકારનું બાંધકામ કરવામાં આવેલ છે એવી સમિતિના માનનીય પ્રમુખશ્રીએ પૃચ્છા કરતા નિગમના પ્રતિનિધિએ આ બન્ને સ્થળોની વિગતો સમિતિને પછીથી મોકલી આપવા જણાવ્યું હતું, તે અન્વયે વિભાગે તેના તા.૨૯/૦૭/૨૦૨૪ રોજના પત્ર ક્રમાંક : પવસ ૧૦૨૦૨૨–૪૬૬–સ થી ઉક્ત માહિતી સમિતિને મોકલી આપી હતી. (પરિશિષ્ટ–૧) ચર્ચામાં આગળ વિભાગના પ્રતિનિધિએ સ્વદેશ દર્શન–૧ યોજના હેઠળ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ યોજનામાં પણ ૧૨થી ૧૪ જેટલા સ્થળોને આવરી લેવાયા છે. જેમાં વડનગર, રાજકોટ, સોમનાથ ઉપરાંત સૌરાષ્ટ્રની ઘણી બધી જગ્યાઓનો સમાવેશ થયેલ છે. વડનગરમાં બુદ્ધિસ્ટ સર્કિટના

ઘણાં કામો થયા છે. સ્વદેશ દર્શન–૧ સ્કીમ હાલ પૂર્ણ થઈ ગયેલ છે અને એનો મહત્તમ લાભ ગુજરાત સરકારે લીધેલ છે. તેના પાંચ મોટા એવોર્ડ પૈકી બે એવોર્ડ ગુજરાતને મળેલા છે.

હાલ નિગમ સ્વદેશ દર્શન–૨ પ્રોજેક્ટના વિકાસની કામગીરી કરી રહ્યું છે. જેમાં ધોળાવીરા, દ્વારકા અને અન્ય ત્રણ જગ્યાઓનો સમાવેશ છે. ધોળાવીરા– દ્વારકા સિવાયની અન્ય ત્રણ જગ્યાની દરખાસ્ત પેન્ડીંગ છે. આ યોજના અંતર્ગત એક જગ્યાના વિકાસ માટે રૂ. ૭૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.

માનનીય પ્રમુખશ્રીએ દાંડી મેમોરિયલ અને DHCના સ્થળોની જ્યારે લાખો પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય ત્યારે ત્યાં પીવાના પાણીની તેમજ દાંડી વિસ્તાર દરિયાઈ વિસ્તાર સાથે કનેક્ટ હોઈ સ્થળ પર 'પ્રોટેક્શન વોલ' સંબંધિત કોઈ મુશ્કેલી ના વર્તાય તે માટે ચિંતા વ્યક્ત કરી હતી. જેને વિભાગના પ્રતિનિધિએ હકારાત્મક રીતે જોવડાવી લેવા ખાતરી આપેલ. આમ ઉક્ત ભલામણ સંબંધમાં સરકારે/નિગમે મોકલેલ લેખિત જવાબ તથા સમિતિની બેઠક દરમ્યાન વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રુબરુમાં કરેલી રજૂઆતોને ધ્યાને લઇને સમિતિએ સરકારે લીધેલાં પગલાં અંગે સંતોષ વ્યકત કર્યો હતો. આથી સમિતિએ આ બાબતે આગળ કંઇ કરવાનું રહેતું નથી.

૬. ચૌદમી ગુજરાત વિધાનસભાની સમિતિના પંદરમા અહેવાલના ભલામણ ફકરા ક્રમાંક: ૪ થી ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સંબંધમાં સમિતિએ ભવિષ્યમાં વ્યાજ સંબંધિત કોઈ કોર્ટ કેસ ના ઉદભવે તેના માટે આગોતરા સાવચેતીના પગલારૂપે G.T.A.(ગેસ પરિવહન કરાર)માં જ નિશ્ચિત સમયગાળાને ધ્યાને લઈને થયેલ વિલંબિત ચૂકવણી પર ગ્રાહક પાસેથી વ્યાજ લેવાની જોગવાઈ દાખલ કરી, સમિતિને તેની જાણ કરવા ફરી પુન: ભલામણ કરી હતી.

૭. સમિતિએ કરેલ ઉકત ભલામણ સંબંધમાં વિભાગે/નિગમે તેના તા.૨૨/૦૮/૨૦૨૨ના પત્રથી મોકલેલા પગલાના પત્રકોમાં જણાવ્યા મુજબ G.S.P.L. (ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ)ના નિયામક મંડળે પશ્ચાદવર્તી સમયગાળાના ઈનવોઈસ માટે વિલંબિત ચૂકવણી માટેની પોલીસી તા. ૧૦/૦૨/૨૦૨૧ના રોજ મંજૂર કરીને તેનો G.T.A. (ગેસ પરિવહન કરાર)માં સમાવેશ કરી દીધેલ છે. જેના ઉદાહરણરુપે વર્ષ ૨૦૨૨માં મે. પોઝિટ્રોન એનર્જી સાથે કરેલ G.T.A. (ગેસ ટ્રાંસમીશન એગ્રીમેન્ટ)ની નકલ પણ ઉક્ત સાહિત્યમાં જોડવામાં આવેલ. તા. ૧૦/૦૨/૨૦૨૧ના રોજ મંજૂર કરેલ ઉક્ત પોલિસીમાં વિલંબીત ચૂકવણીઓ પર વ્યાજ સહિતની તેમજ પૂરક બિલો/ ઉધારનોંધો માટેની શાખ અવધિ અને તે અન્વયેના ઈન્સ્ટોલમેન્ટ માટેનો નિશ્ચિત સમય દર્શાવતી જોગવાઈઓ દાખલ કરી દીધેલ છે.

૮. સમિતિએ તેની તા.૧૬/૦૭/૨૦૨૪ના રોજની બેઠકમાં ઉકત ભલામણ ફકરા ક્રમાંક: ૪ માં સમાવિષ્ટ બાબત સાથે સમાનતા ધરાવતો ભારતના સી.એ.જી.ના સન ૨૦૧૬-૧૭ના વર્ષના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ ઉક્ત કંપનીના જ ફકરા ક્રમાંક : ૩.૬ ને સાંકળી લઈને બન્નેની એક્સાથે વિગતવાર ચર્ચા કરી હતી. વિલંબિત ચૂકવણી પર વ્યાજ વસૂલવા માટેની ઉક્ત પોલિસી બનાવવામાં અને પોલિસીને સમિતિ સમક્ષ રજૂ કરવામાં થયેલ વિલંબ અંગે થયેલ ચર્ચા દરમ્યાન સમિતિના માન. પ્રમુખશ્રી દ્વારા ઠપકો અપાતાં નિગમના પ્રતિનિધિએ આ બાબતે દિલગીરી વ્યક્ત કરી હતી. બેઠકમાં આગળ વિભાગના પ્રતિનિધિએ પોલિસી સંબંધમાં જણાવ્યું હતુ કે પશ્ચાદવર્તી સમયગાળાના ઈનવોઈસ માટેની રકમના આધારે વ્યાજની ચૂકવણી તેમજ પૂરકબિલ/ઉધારનોંધની ચૂકવણી માટેનો ક્રેડિટ પિરીયડ નિશ્ચિત કરીને B.O.D. દ્વારા પોલિસી મંજૂર કરવામાં આવી છે. આમ ઉક્ત ભલામણ સંબંધમાં સરકારે/નિગમે મોકલેલ લેખિત જવાબ તથા સમિતિની

બેઠક દરમ્યાન વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ સમિતિ સમક્ષ રુબરુમાં કરેલી રજૂઆતોને ધ્યાને લઈને સમિતિએ કરેલ ભલામણ સંબંધમાં સરકારે લીધેલાં પગલાં અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આથી સમિતિએ આ બાબતે આગળ કંઈ કરવાનું રહેતું નથી.

૯. સમિતિના ઉક્ત પંદરમા અહેવાલમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. અને ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સંબંધમાં સમિતિએ કરેલ ભલામણો પર સંબંધિત વિભાગે/નિગમે લીધેલાં પગલાં અંગેની લેખિત વિગતો અને સમિતિએ વિભાગ/નિગમના પ્રતિનિધિઓની કરેલ રૂબરૂ તપાસની કાર્યવાહી અને નિર્ણયોને ધ્યાનમાં લઈ, પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિએ તેની તા. ૦૬/૦૮/૨૦૨૪ના રોજની બેઠકમાં આ અહેવાલના મુસદ્ધા પર ચર્ચા વિચારણા કરી તેને મંજૂર કર્યો હતો.

૧૦. સમિતિની તપાસ દરમિયાન ડેપ્યુટી એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ તથા ઉદ્યોગ વિભાગ અને ઉર્જા વિભાગના નાણાસલાહકારશ્રીઓએ સમિતિની બેઠકમાં હાજર રહીને સમિતિને પૂરા પાડેલ માર્ગદર્શન બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૧. અહેવાલમાં દર્શાવેલ સરકારના વિભાગના સચિવશ્રીઓ તથા જાહેર સાહસના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ અને અન્ય અધિકારીશ્રીઓ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા અને સમિતિને તેના કામકાજમાં આપેલ સહકાર બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૨. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં કરેલ સહાયની સમિતિ કદર કરે છે.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય** | **ગણપતસિંહ વસાવા** |
| **ગાંધીનગર.** | **પ્રમુખશ્રી,** |
| **તા. ૦૬/૦૮/૨૦૨૪** | **જાહેર સાહસો માટેની સમિતિ** |

## પરિશિષ્ટ - ૧

ઉદ્યોગ અને ખાણ વિભાગે તા.૨૯-૭-૨૦૨૪ના પત્ર ક્રમાંક:પવસ-૧૦૨૦૨૨-૪૬૬-સ થી દાંડી હેરીટેજ સ્થળોના વિકાસ સંબંધમાં મોકલી આપેલ વિગતોનું પત્રક

### Dandi Heritage Corridor Development

| Sr. No. | Destination | Facilities provided by TCGL |
|---|---|---|
| 1 | Navagam | 1 hall, 2 rooms, office, smrutikund, library and souvenir shop |
| 2 | Matar | 2 rooms, office, smrutikund, library and souvenir shop |
| 3 | Kankapura | A Building (6 rooms, 1 hall, office), B Building (16 rooms), C Building (4 hall, smrutikund, library and souvenir shop) |
| 4 | Kareli | 8 rooms, 2 hall, office, smrutikund, library and souvenir shop |
| 5 | Ankhi | 2 hall, office smrutikund, library and souvenir shop |
| 6 | Amod | 6 rooms, office, smrutikund, library and souvenir shop |
| 7 | Samni | 4 rooms, office, smrutikund, library and souvenir shop |
| 8 | Mangrol | 4 rooms, office, smrutikund, library and souvenir shop |
| 9 | Umrachhi | 4 rooms, office, smrutikund, library and souvenir shop |
| 10 | Bhatgam | 2 rooms, office, smrutikund, library and souvenir shop |
| 11 | Delad | 2 rooms, office, smrutikund, library and souvenir shop |
| 12 | Chhaprabhatha | 2 rooms, office, smrutikund, library and souvenir shop |
| 13 | Vanz | 16 rooms, 1 hall, office, smrutikund, library and souvenir shop |
| 14 | Matwad | 4 rooms, office, smrutikund, library and souvenir shop |

-----------